# સરકારી સંકલ્પ (નિયમ – ૧૨૦)

માનનીય અધ્યક્ષશ્રી,

- એક સામાન્ય અદના કાર્યકર્તાથી લઈને દેશના વડાપ્રધાન અને એ પણ ત્રીજી વખત બનવું એ ખરેખર અસામાન્ય ઘટના છે.
- શ્રી નરેન્દ્રભાઈના શિસ્ત, અનુશાસન, કર્તવ્યપરાયણતા, દ્રઢ નિશ્ચય, મક્કમ મનોબળ, આવા અનેક ગુણોના કારણે ભારતમાં નવી ઉર્જાનો સંચાર થયો છે.
- "દિવ્ય ધ્યેય કી ઓર તપસ્વી<br>જીવન ભર અવિચલ ચલતા હૈ"<br>સંઘની આ પંક્તિ શ્રી નરેન્દ્રભાઈના જીવન-કથનમાં અક્ષરસહ સાચી પડે છે.
- એક સમયે અંગ્રેજોની ગુલામીથી દેશને મુક્ત કરાવવાના આઝાદી જંગનો મંત્ર હતો 'ડાઈ ફોર ધ નેશન'
- આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ હવે આપણને દેશ માટે જીવી જાણવાનો 'લીવ ફોર ધ નેશન' નો મંત્ર આપ્યો છે.
- જો દેશ માટે કુરબાન થઈ જવાની પ્રતિબદ્ધતા અને તમન્ના આઝાદી અપાવી શકતી હોય તો દેશ માટે જીવી જાણવાનો સંકલ્પ અને કટિબદ્ધતા સમૃદ્ધ ભારત બનાવી જ શકે.
- સમૃદ્ધ ભારત બનાવવા માટે સૌને સાથે લઈને ચાલવાનો વડાપ્રધાનશ્રીએ કોલ આપ્યો છે.
- હમણા જ 15મી ઓગસ્ટે લાલ કિલ્લાની પ્રાચિરથી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલું આ આહ્વાન દેશવાસીઓ ઝીલી લેશે.
- ભારતીય જનતા પાર્ટીની પણ વિચારધારા છે કે સમાજના છેવાડાના માનવીની ચિંતા કરવી તેનો ઉત્કર્ષ કેમ થાય તેના ઉપર સવિશેષ ભાર આપીને સૌના સાથ સૌના વિકાસનો ધ્યેય પાર પાડવો.
- માનનીય નરેન્દ્રભાઈએ આ વિચારધારાને પણ આત્મસાત કરીને એકસો ચાલીસ કરોડ દેશવાસીઓની ઉન્નતિ માટે અહર્નિશ પ્રયાસ કર્યા છે.
- આદરણીયશ્રી નરેન્દ્રભાઈએ જ્યારે દેશનું શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારે ભારત વિશ્વમાં 11માં ક્રમની અર્થવ્યવસ્થા ધરાવતો દેશ હતો.
- પાછલા દસ જ વર્ષમાં વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં ભારત પાંચમાં ક્રમની અર્થવ્યવસ્થા બની ગયુ છે તેના પાયામાં વડાપ્રધાનશ્રીની ગુડ ગવર્નન્સ માટેની પ્રતિબદ્ધતાના જે પાંચ મુખ્ય મુદ્દાઓ છે તેમાં –
    - જીડીપી ગ્રોથ રેટ,
    - દેશમાં ટેક્ષ રિફોર્મ્સથી ટેક્ષ ગ્રોથ રેટ
    - ક્રેડિટ ગ્રોથ રેટ,
    - ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન અને
    - ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના કેપિટલ એક્સેપેન્ડિચરમાં વૃદ્ધિનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- આ પાંચ મુદ્દાઓને કારણે જ ભારત પાંચમી મોટી ઈકોનોમી બન્યું છે.

## જીડીપી ગ્રોથ રેટ

- કોરોનાના કપરા બે વર્ષોને અવગણીએ તો બાકીના આઠ વર્ષમાં દેશનો જી.ડી.પી. ગ્રોથ રેટ સરેરાશ સાડા સાત ટકાનો રહ્યો છે. આ વધારાનો લાભ દેશના સામાન્ય માનવીને થયો છે.
- તેની આવકમાં વૃદ્ધિ થવાથી માથાદીઠ આવક પણ વધી છે એટલું જ નહિ, રોજગારી વધી છે અને મધ્યમ વર્ગીય પરિવારો વધુ આકાંક્ષી એટલે કે એસ્પિરેશનલ ફેમિલીઝ બન્યા છે.

## દેશમાં ટેક્ષ રિફોર્મ્સથી ટેક્ષ ગ્રોથ રેટ

- દેશમાં ટેક્સ રિફોર્મ્સ અને સરળ નીતિઓને પરિણામે સરકારની મહેસૂલી આવકમાં પણ વડાપ્રધાનશ્રીના શાસનના પાછલા 10 વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે.
- ઈનકમ ટેક્સની તથા જી.એસ.ટી., એક્સાઈઝ અને સેસની કુલ આવકમાં પાછલા દશકામાં લગભગ અઢી ગણો વધારો થયો છે. આ વધારાના પરિણામે થતી મહેસૂલી આવક રાષ્ટ્રનિર્માણ અને અંત્યોદય કલ્યાણ માટે ઉપયોગી બને છે.

## ક્રેડિટ ગ્રોથ રેટ

- પાછલા દાયકામાં આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વની કેન્દ્ર સરકારે બેંકોમાં કરેલા મહત્વના સુધારાઓથી દેશની બેંકોની ધિરાણ આપવાની કેપેસીટીમાં વધારો થયો છે.
- પાછલા 10 વર્ષમાં કૃષિ ધિરાણ, એમ.એસ.એમ.ઈ.ને ધિરાણ, પીએમ સ્વનિધિ તથા મુદ્રા યોજનામાં સરળતાએ લોન-સહાય મળતા થયાં છે.

## ફાઈનાન્સિયલ ઇન્ક્લુઝન

- આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં કરોડો લોકો - નાના વેપારીઓ તથા શેરી ફેરીયાઓને આર્થિક આધાર આપીને આત્મનિર્ભર બનાવવા લોન સહાય પર વિશેષ ફોકસ પાછલા 10 વર્ષોમાં કર્યુ છે.
- જનધન યોજના દ્વારા દેશમાં 53 કરોડ લોકોના નવા બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. અને આજે દેશના લોકોના જનધન બેંક એકાઉન્ટમાં 2.3 લાખ કરોડની ડિપોઝીટનું બેલેન્સ છે તે આપણી ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝનની એક મોટી સફળતા છે.

## ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના કેપિટલ એક્સપેન્ડીચરમાં વધારો

- માનનીય શ્રી નરેન્દ્રભાઈના પાછલા 10 વર્ષના સુશાસન ટ્રેક રેકર્ડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના કેપિટલ એક્સપેન્ડીચરની રકમ વાર્ષિક 18 ટકાના વૃદ્ધિ દર સાથે આ વર્ષના બજેટમાં 11 લાખ કરોડ થઈ છે તે પણ વિકાસ પ્રેરક બાબત છે.
- કેપિટલ એક્સપેન્ડીચરમાં આ ગ્રોથને કારણે રોડ-રસ્તા, વિજળી, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો વધતા લોકોનું ઈઝ ઓફ લિવીંગ ઊંચુ ગયુ છે તે સાથે વ્યાપાર ઉદ્યોગ, લોજીસ્ટિક્સ વગેરેમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- આ બધીજ બાબતોને કારણે દેશનો સર્વગ્રાહી વિકાસ થયો છે અને આપણે ગૌરવ સાથે કહી શકીએ કે માનનીય શ્રી નરેન્દ્રભાઈના કુશળ નેતૃત્વમાં ભારત વિશ્વના મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાં ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી ઊભરી આવ્યું છે.
- આદરણીય વડાપ્રધાનશ્રીએ મોદી સરકાર 3.0માં ભારતને વિશ્વની ત્રીજી મોટી આર્થિક સત્તા બનાવવાનો જે સંકલ્પ કર્યો છે તે પણ આવનારા ચાર જ વર્ષમાં સાકાર થઈ જશે.
- માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે ભારત દુનિયાના દેશો માટે 'વિશ્વમિત્ર'ની ભૂમિકામાં આગળ વધી રહ્યું છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના મહામારીમાં વિશ્વના દેશોને વેક્સિન પહોંચાડી હતી. એટલું જ નહિ, વંદે ભારત મિશન દ્વારા લાખો લોકોનું અન્ય દેશોમાંથી ભારતમાં આગમન સુનિશ્ચિત કર્યું હતું.
- યમનમાં ફસાયેલા ભારતીય લોકોના બચાવ માટે 'ઓપરેશન રાહત' હોય, સુદાનમાં 'ઓપરેશન સંકટમોચન' હોય કે અફઘાનિસ્તાનમાં 'ઓપરેશન દેવી શક્તિ' હોય – આફતમાં ફસાયેલા લોકોને વતનમાં સલામત રીતે પરત લાવવા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઈના પરિવારના વડીલ તરીકે સતત કાળજી લે છે.
- આજે દુનિયાના દેશો શ્રી નરેન્દ્રભાઈ શું બોલે છે તેને કાન દઈને સાંભળતા થયાં છે.

## <u>વિકાસના રાજમાર્ગ પર ભારતની તેજગતિ</u>

માનનીય અધ્યક્ષશ્રી,

- આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત આજે વિકાસના રાજમાર્ગ પર પૂરપાટ વેગે દોડી રહ્યું છે.
- પાછલા દસ વર્ષોમાં તેમના નેતૃત્વમાં ભારત સ્થિરતા અને સાતત્યનો પર્યાય બન્યું છે.
    - સેમિકન્ડક્ટર હોય કે એ.આઈ.,
    - ફિનટેક હોય કે ગ્રીન એનર્જી,
    - ઓટો મેન્યુફેક્ચરીંગ હોય કે ઇલેક્ટ્રોનિક્સ

      આવા ઊભરતા ક્ષેત્રોમાં પણ વિશ્વમાં અગ્રેસર બનવા તરફ આગળ વધી રહ્યું છે.
- સોલાર, વિન્ડ અને ગ્રીન હાઈડ્રોજન સહિતના વૈકલ્પિક ઊર્જાના સ્રોતના વિકાસને પ્રોત્સાહન આપીને પર્યાવરણની જાળવણી માટે તેમણે ગ્રીન ગ્રોથ અને ગ્રીન એનર્જીની દિશા આપણને દર્શાવી છે.
    - પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજનાથી દેશના સામાન્ય માનવીના ઘર પર પણ સોલાર રૂફટોપથી વીજળી ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી છે.
    - દેશનો સામાન્ય નાગરિક આના પરિણામે પોતાના ઘરે સૂર્ય ઊર્જા ઉત્પાદનથી પોતાનું વીજ બિલ ઝીરો કરી શકે છે, ઉપરાંત વધારાની વીજળી ગ્રીડમાં આપીને આવક પણ ઊભી કરી શકે છે.

# <u>સમાપન</u>

- આદરણીય શ્રી નરેન્દ્રભાઈ આવા તો અનેક દેશ હિત અને લોક હિતના કામોથી રાષ્ટ્રને અહર્નિશ સમર્પિત રહ્યાં છે.
- તેમનો આ સમર્પણ ભાવ આપણને પ્રેરણા પૂરી પાડે છે કે, ‘રાષ્ટ્રહિત પ્રથમ’નો ભાવ હૈયે રાખીને કામ કરીએ તો અશક્ય ગણાતા કામ પણ પાર પાડી શકાય છે.
- આદરણીય વડાપ્રધાનશ્રીએ પાછલા દાયકામાં મજબૂત રાષ્ટ્ર નિર્માણનો પાયો નાંખ્યો છે અને હવે દેશની આઝાદીની શતાબ્દી સુધીમાં ‘સ્વર્ણિમ ભારત’ બનાવવા માટે જે પંચ પ્રણ આપ્યા છે તેમાં -
    - વિકસિત ભારતનું નિર્માણ
    - ગુલામીની દરેક માનસિકતામાંથી મુક્તિ
    - દેશની વિરાસત પર ગર્વ
    - એકતા અને અખંડિતતા અને
    - નાગરિક કર્તવ્ય ભાવના.
- આ પંચ પ્રણ શક્તિથી શ્રી નરેન્દ્રભાઈના ઐતિહાસિક એવા સતત ત્રીજા કાર્યકાળમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે જ એવો આપણને સૌને દ્રઢ વિશ્વાસ છે.
- ગુજરાતનું ગૌરવ અને વિશ્વનેતા આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીને સતત ત્રીજીવાર દેશને અડગ નેતૃત્વ પૂરું પાડવા બદલ ફરી એકવાર આ સભાગૃહના માધ્યમથી હાર્દિક અભિનંદન પાઠવું છું.

---------